Narsee Monjee Educational Trust's

# JAMNABAI NARSEE SCHOOL

*Knowledge is Strength Supreme*



# ભાષાગુર્જરી

Name: Shuvaan Sheth

Std.: 6 Div.: D Academic Year: 2025-2026

# અનુક્રમણિકા

## દ્વિતીય સત્ર


| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| 1 | જાતિ | 37 |
| 2 | વચન | 39 |
| 3 | વિશેષણ | 41 |
| 4 | કાળ | 43 |
| 5 | ઉપસર્ગ - પ્રત્યય | 45 |
| 6 | વિભક્તિ પ્રત્યયો | 47 |
| 7 | અવ્યય | 49 |
| 8 | શબ્દસમૂહ માટે એક શબ્દ | 51 |
| 9 | બે અર્થવાળા શબ્દો | 53 |
| 10 | રૂઢિપ્રયોગો - કહેવતો | 55 |
| 11 | અશુદ્ધ શુદ્ધ | 57 |
| 12 | ચિત્રવર્ણન | 59 |
| 13 | ગદ્યખંડ | 61 |
| 14 | શબ્દસંપત્તિ | 69 |

Narsee Monjee Educational Trust's
**JAMNABAI NARSEE SCHOOL**

Date: [illegible]

Div.: D Roll No.: 37

Name: Shrivaan Shah

# ભાવવાચક નામ




| | | | |
|---|---|---|---|
| ૧ | બાળ - બાળપણ | ૮ | સુંદર - સુંદરતા |
| ૨ | લુચ્ચો - લુચ્ચાઈ | ૯ | ભાઈ - ભાઈચારો |
| ૩ | ઘરડા - ઘડપણ | ૧૦ | ઉદાર - ઉદારતા |
| ૪ | આત્મા - આત્મીયતા | ૧૧ | માનવ - માનવતા |
| ૫ | નિર્ભય - નિર્ભયતા | ૧૨ | જુવાન - જુવાની |
| ૬ | શાંત - શાંતિ | ૧૩ | કડવું - કડવાશ |
| ૭ | કાયર - કાયરતા | ૧૪ | મોટું - મોટાઈ |

**નીચે આપેલાં વાક્યોમાં યોગ્ય ભાવવાચક નામ લખો.**

૧. શિયાળના સ્વભાવમાં લુચ્ચાઈ જોવા મળે છે. (લુચ્ચો)

૨. શેઠની નોકર પ્રત્યેની ઉદારતા જોઈને બધાને નવાઈ લાગી. (ઉદાર)

૩. દાદી શાંતિ નો અનુભવ કરવા દરરોજ ધ્યાનમાં બેસતાં. (શાંત)

૪. કુદરતી સુંદરતા જોઈને બધાં આનંદિત થઈ ગયાં. (સુંદર)

૫. ઈતિશ્રીનું સાહસ અને નિર્ભયતા નાં વખાણ દેશભરમાં થાય છે. (નિર્ભય)

૬. મુશ્કેલીના સમયમાં રામભાઈએ માનવતા બતાવી, બધાંને મદદ કરી. (માનવ)

૭. માયા બહેનને ઘડપણ માં બીમારી આવી. (ઘરડા)

૮. ઈશ્વર સાથે આપણી આત્મીયતા હોવી જોઈએ. (આત્મા)

Date:

Name                Div.:        Roll No.:

# નામ

૧. મુંબઈ મોટું અને સુંદર શહેર છે. (વ્યક્તિવાચક નામ પસંદ કરો.)

(a) મુંબઈ (b) મોટું (c) સુંદર (d) શહેર

a) મુંબઈ

૨. નીચેના વાક્યમાંથી નામનો પ્રકાર ઓળખી લખો.

આજે પાણી તમે બચાવો કાલે પાણી તમને બચાવશે.

પાણી - દ્રવ્યવાચક

(a) પાણી - દ્રવ્યવાચક નામ (b) તમે - જાતિવાચક નામ

(c) પાણી - વ્યક્તિવાચક નામ (d) કાલે - ભાવવાચક નામ

૩. મારા દાદા કાલે અમદાવાદથી આવ્યા. (નામના પ્રકારની જોડી પસંદ કરો.)

(a) દાદા - જાતિવાચક નામ, અમદાવાદ - વ્યક્તિવાચક નામ

(b) દાદા - દ્રવ્યવાચક નામ, અમદાવાદ - વ્યક્તિવાચક નામ

(c) દાદા - સમૂહવાચક નામ, અમદાવાદ - વ્યક્તિવાચક નામ

(d) દાદા - જાતિવાચક નામ, અમદાવાદ - સમૂહવાચક નામ

a) દાદા - જાતિવાચક નામ
અમદાવાદ - વ્યક્તિવાચક નામ

૪. નીચેના વાક્યમાંથી ભાવવાચક નામ પસંદ કરો.

રમેશભાઈ તેમની ઉદારતા માટે જાણીતા હતા.

(a) રમેશભાઈ (b) ઉદારતા (c) તેમની (d) જાણીતા

b) ઉદારતા

૫. 'સૈનિકોની ટુકડી લડવા માટે સરહદે તૈયાર છે.' વાક્યમાં નામનો યોગય પ્રકાર પસંદ કરો.

(a) ટુકડી - જાતિવાચક નામ (b) સરહદ - વ્યક્તિવાચક નામ

(c) સૈનિકો - ભાવવાચક નામ (d) ટુકડી - સમૂહવાચક નામ

d) ટુકડી - સમૂહવાચક નામ

૫. જાતિવાચક નામનો ગુચ્છ ઓળખો.

(a) નદી, ગાંધીજી, શિક્ષક, મહાન (b) ભાવના, બાળપણ, પહાડ, તાજમહેલ

(c) સરોવર, સરહદ, શૂરવીરતા, શાળા (d) વિદ્યાર્થી, વૃક્ષ, તળાવ, શહેર

d) વિદ્યાર્થી, વૃક્ષ, તળાવ, શહેર

૭. સમૂહવાચક નામનો ગુચ્છ ઓળઓ.

(a) સરઘસ, સૈન્ય, ટોળું, ઝૂમખો (b) ટુકડી, મિત્ર, ટોળું, ગુચ્છો

(c) શાળાઓ, માળાઓ, વીરતા, શિક્ષકો (d) ગંગા, ભીંડા, સફરજન, વાઘ

a) સરઘસ, સૈન્ય, ટોળું, ઝૂમખો

Narsee Monjee Educational Trust's
**JAMNABAI NARSEE SCHOOL**

Date: ____________

Name: ____________ Div.: ______ Roll No.: ______

# સર્વનામ



**નીચેનાં વાક્યોમાંથી સર્વનામ ઓળખો.**

૧. હું આજે બે કલાક વાંચન કરીશ.

૨. અમે અમારાં માતા-પિતાને ફરવા લઈ જઈએ છીએ.

૩. પેલું શું ઊડે છે ?

૪. મિત્રો સાથે આપણે સારો વ્યવહાર કરવો જોઈએ.

૫. સવારે બાલ્કનીમાં કોણ ઊભું હતું ?

૬. તમે કેટલા વાગે બહારથી આવશો ?

૭. તે વરસાદમાં ભીની થાય છે.

૮. અમે બહારગામ જવાનાં છીએ.

૯. મને આજે રાત્રે સરસ સપનું આવ્યું.

૧૦. મને થોડું પાણી પીવા આપશો ?

Date: ______

Name: ______ Div.: ______ Roll No.: ______

**નીચે આપેલાં વાક્યમાં યોગ્ય સર્વનામ લખો.**

૧. આજે સવારે ______ ક્યાં ગયાં હતા ?

૨. શિક્ષકે ______ ખૂબ હસાવ્યાં.

૩. ______ કાલે રમવા ગયાં હતાં.

૪. આટલું સરસ ગીત ______ ગાય છે ?

૫. આજે ______ આવવાનો છે.

૬. ______ કદી જૂઠું બોલતી નથી.

૭. ______ ફરવા ક્યારે જઈશું ?

૮. ______ પોતાના અક્ષર વાંચી શકતા નથી.

૯. ______ પક્ષીને જોઈને ખૂબ રાજી થઈ ગઈ.

૧૦. ______ આજે ગુજરાતીનું પુસ્તક નથી લાવ્યું ?

Date: ____________

Name ______________________ Div.: ________ Roll No.: ________

# શબ્દસમૂહ માટે એક શબ્દ

૧. વર / વહુની માતા ____________________

૨. વર / વહુના પિતા ____________________

૩. દીકરીનો વર ____________________

૪. પતિના મોટા ભાઈ ____________________

૫. પતિના મોટા ભાઈની પત્ની ____________________

૬. પતિના નાના ભાઈ ____________________

૭. પતિના નાનાભાઈની પત્ની ____________________

૮. પતિની બહેન ____________________

૯. પતિની બહેનનો પતિ ____________________

૧૦. પત્નીનો ભાઈ ____________________

૧૧. પત્નીના ભાઈની પત્ની ____________________

Date:

Name: Div.: Roll No.:

# શબ્દસમૂહ

૧૨. પત્નીની બહેન

૧૩. પત્નીની બહેનનો પતિ

૧૪. ભાઈનો દીકરો

૧૫. ભાઈની દીકરી

૧૬. બહેનનો દીકરો

૧૭. બહેનની દીકરી

૧૮. દીકરાનો દીકરો

૧૯. દીકરાની દીકરી

૨૦. દીકરાના દીકરાનો પુત્ર

૨૧. દીકરાના દીકરીની પુત્રી

૨૨. દીકરો કે દીકરીની સાસુ

૨૩. દીકરો કે દીકરાના સસરા

૨૪. દીકરીનો દીકરો

૨૫. દીકરીની દીકરી

Date: ____________

Name: ______________________ Div.: ________ Roll No.: ________

# પત્રલેખન

**નીચે આપેલા નમૂના પરથી પત્રનો સ્પષ્ટ ખ્યાલ આવશે.**

તમારા ઘરની નજીકના બગીચામાં નવાં સાધનો માટેની વિનંતી કરતો પત્ર નગરપાલિકાના અધિકારીને લખો.

૫, શાંતિ સદન,
વી.પી. રોડ,
વિલેપાર્લે (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦૦૫૬.
તા. ૦૩.૦૩.૨૦૨૫

પ્રતિ,
માનનીય અધિકારીશ્રી,
નગરપાલિકા જાળવણી વિભાગ,
વી. પી. રોડ, વિલેપાર્લે (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦૦૫૬.

વિષય : બગીચામાં નવાં સાધનો માટેની વિનંતી કરતો પત્ર

આદરણીય સાહેબ,

પરિચય (પહેલો ફકરો)

નવાં સાધનો - કસરતનું મહત્ત્વ - સાધનોનું મહત્ત્વ (બીજો ફકરો)

સહકારની અપેક્ષા. (ત્રીજો ફકરો)

લિ. આપનો / આપની વિશ્વાસુ,
રમણ શાહ

Date:

Name: Shivaan Sheth Div.: Roll No.:

**તમારા પાસપોર્ટમાં તમારા નામની જોડણી ખોટી લખાયેલી છે. તે ભૂલ સુધારવા માટે વિનંતી કરતો પત્ર પાસપોર્ટ અધિકારીને લખો.**

~~શિવાન~~
૨૦૨ કેશવ
બાપુભાઈ વશી રોડ
વિલે પાર્લે (પશ્ચિમ)
મુંબઈ, ૪૦૦૦૫૬

પ્રતિ
માનનીય અધિકારીશ્રી,
અંધેરી પાસપોર્ટ ઓફિસ
કૃષ્ણ નગર, મરોલ,
અંધેરી, પૂર્વ
મુંબઈ, ૪૦૦૦૬૩

વિષય: પાસપોર્ટમાં જોડણીની ભૂલ

આદરણીય સાહેબ,

મારું નામ રાજ પટેલ છે. હું ઉપર જણાવેલા વિસ્તારમાં રહું છું. મારા પાસપોર્ટ નં. ૪૦૨૦૫ ૨૦૧૦ છે. આ પત્ર દ્વારા પાસપોર્ટમાં થયેલી ભૂલ તરફ હું આપનું ધ્યાન દોરવા માંગુ છું.

મે જુલાઈ મહિનામાં પાસપોર્ટ માટે અરજી કરી હતી. તે માટેના તમામ જરૂરી કાગળો તેમજ સર્ટિફિકેટ આપ્યાં હતાં પણ જ્યારે મારાં પાસપોર્ટ આવ્યો ત્યારે મારા નામની જોડણીમાં એક ભૂલ આવી છે. મારું નામ Raj Patel ની જગ્યાએ Raag Patel

# નિબંધલેખન

**આપણે નિબંધ મુખ્ય ત્રણ ભાગમાં લખીએ છીએ.**

૧. ભૂમિકા

૨. વિષયવિસ્તાર

૩. ઉપસંહાર

**મુખ્ય નિયમો :**

- પહેલાં વિષયને બરાબર સમજી લેવો.
- વિષયને સંબંધિત વિચારો રજૂ કરવા.
- નવા વિચારથી નવો ફકરો શરૂ કરવો.
- નાનાં વાક્યોમાં નિબંધ લખવો, વિષયને સંબંધિત રૂઢિપ્રયોગ અને કહેવત લખવાં.
- બોધ મળતો હોય એવા નિબંધમાં શીર્ષકને ધ્યાનમાં રાખીને બોધ લખવો.

## શિયાળાની સવાર

- વિવિધ ઋતુઓ - અને દરેક ઋતુનું મહત્ત્વ
- શિયાળામાં દિવસ નાનો અને રાત મોટી - સૂર્યોદય અને સૂર્યાસ્ત.
- શિયાળામાં સવારે કેવું વાતાવરણ હોય છે, ગામડામાં કેવું વાતાવરણ - લોકો કઈ રીતે કામે જાય છે...
- તમને શિયાળાની સવાર કેવી લાગે છે!
- કારણો

Date:

Name: Div.: Roll No.:

# શિયાળાની સવાર

Date: 2/05/2025 Fri

Name: Shivaan Sheth Div.: A Roll No.: 37

# ગદ્યખંડ - ૧

**નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

શહેરની બહાર એક મંદિર બની રહ્યું છે. અનેક મજૂરો પથ્થરો તોડી રહ્યા છે. ત્યાંથી પસાર થતા એક મુસાફરને જાણવાની ઈચ્છા થઈ કે અહીં શું બની રહ્યું છે. એટલે એણે એક મજૂરને પૂછ્યું, "તું શું કરી રહ્યો છે?" મજૂરે ગુસ્સે થઈને જવાબ આપ્યો, "જોતો નથી? રાજાએ પથ્થર તોડવાનો હુકમ કર્યો છે એટલે હું પથ્થર તોડું છું!"

મુસાફર થોડો આગળ વધ્યો. તેણે ત્યાં કામ કરતા બીજા એક મજૂરને પૂછ્યું: "તું શું કરી રહ્યો છે, ભાઈ?" મજૂરે નિસાસો નાખીને પોતાના સાધનો બાજુમાં મૂક્યાં. એના ચહેરા પર નિરાશા દેખાતી હતી. દુ:ખી થઈ તેણે મુસાફરને જવાબ આપ્યો, "બસ.... પેટ ભરવા માટે પથ્થર તોડું છું."

બન્ને મજૂરો પાસેથી યોગ્ય જવાબ ન મળતાં મુસાફર આમતેમ જોવા લાગ્યો. ~~શહેરના~~ મંદિર દરવાજા પાસે એક મજૂર મોજથી ગીત ગણગણતો પથ્થર તોડી રહ્યો હતો. નવાઈ પામેલા મુસાફરે એની પાસે જઈ પૂછ્યું, "તું શું કરી રહ્યો છે?" મજૂરે હસીને, આકાશ તરફ નજર કરીને તેને પ્રેમથી જવાબ આપ્યો: "હું તો મારા ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું."

એક સરખું કામ કરતા ત્રણ મજૂરો, પણ ત્રણેના વિચારો કેટલા અલગ! ત્રીજા મજૂરને પોતાનું કામ કરવામાં કેવો આનંદ આવે છે! તે પોતાના કામને ઉત્સવ ગણે છે. આ જ તો ખરી સાધના છે.

**પ્રશ્નો :**

૧. મંદિર ક્યાં બની રહ્યું હતું? મજૂરો શું કરતા હતા?

૨. પહેલા મજૂરે મુસાફરને શો જવાબ આપ્યો?

૩. બીજા મજૂરની શી હાલત હતી? તે શા માટે પથ્થર તોડતો હતો?

૪. ત્રીજા મજૂરે મુસાફરને શો ઉત્તર આપ્યો?

૫. આ ગદ્યખંડમાંથી તમે શું શીખ્યાં?

Date: 20/5/25

Name: Shivaan Shetty Div.: G Roll No.: 37

# ગદ્યખંડ - ૨

**નીચે આપેલો ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

એક ગરીબ વિદ્યાર્થી હતો. તેની પાસે કૉલેજની ફી ભરવાનાં નાણાં નહોતાં. શુ કરવું એ અંગે તે મૂંઝવણમાં હતો. તેણે એ રકમ મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા પણ તેને કોઈ પણ પ્રકારની સહાય ન મળી. અચાનક તેના મનમાં એક વિચાર આવ્યો. તેણે ભારતના તે વખતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને પોતાની ફીના પૈસા ભરવા માટે પત્ર લખ્યો. તે પછી તે તેમના જવાબની રોજ રાહ જોવા લાગ્યો. પણ તેને કોઈ જવાબ ન મળ્યો. તેની આછીપાતળી આશા પણ તૂટી ગઈ. હવે તેની પાસે તેનું શિક્ષણ છોડવા સિવાય કોઈ માર્ગ ન રહ્યો. તે ભારે હૈયે આચાર્ય પાસે ગયો. તેણે તેમને કહ્યું: "સાહેબ, કૃપા કરીને રજિસ્ટરમાંથી મારું નામ કાઢી નાખો."

"શા માટે ?" આચાર્ય પૂછ્યું.

"કારણ કે ફી ભરવા મારી પાસે પૈસા નથી."

આચાર્ય તેનું નામ પૂછી કહ્યું: "તારે ચિંતા કરવાની જરૂર નથી. તારી પૂરેપૂરી ફીના પૈસા આપણા રાષ્ટ્રપતિએ ભરી દીધા છે."

**પ્રશ્નો :**

૧. ગરીબ વિદ્યાર્થી મૂંઝવણમાં કેમ હતો ?

૨. તેણે કોને પત્ર લખ્યો ?

૩. ગરીબ વિદ્યાર્થી શા માટે નિરાશ થઈ ગયો ?

૪. ગરીબ વિદ્યાર્થીએ આચાર્ય પાસે જઈને શું કહ્યું ?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Date: ____________

Name: Shivaansh Sheth Div.: ______ Roll No.: ______

# ગદ્યખંડ - ૫

**નીચે આપેલો ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

એક વિશાળ સરોવર હતું. સરોવરને કિનારે એક હંસ રહેતો હતો. તેને સરોવરમાં રહેતી માછલી સાથે દોસ્તી થઈ. એક દિવસ એક પારધી શિકારીએ જાળ નાખી આ હંસને પકડી લીધો. માછલીએ હંસને જાળમાં ફસાયેલો જોયો એટલે એણે પારધીને કહ્યું: "તું હંસને છોડી દે. હું તને એક મોતી લાવી આપીશ." કારણ કે માછલી માનતી હતી કે મિત્ર દુ:ખમાં હોય ત્યારે તેને મદદ કરવી જોઈએ. માછલીએ પારધીને મોતી આપ્યું. પારધીએ હંસને છોડી દીધો. તે પછી પારધીએ એક ઝવેરીને સો સોનામહોરોમાં એ મોતી વેચી નાખ્યું. ઝવેરીએ પારધીને કહ્યું કે જો તે આવું બીજું મોતી લાવી આપશે તો તે તેને પાંચસો સોનામહોરો આપશે. પારધી ફરી તે સરોવર કિનારે ગયો અને હંસને પકડી લીધો. માછલીએ તેને હંસને છોડી દેવાની વિનંતી કરી ત્યારે પારધીએ તેને પહેલાં જેવું જ બીજું મોતી લાવી આપવાનું કહ્યું.

માછલી કહે: "મેં તને પહેલાં કેવું મોતી આપ્યું હતું તે મને યાદ નથી. તું મને તે મોતી લાવીને બતાવી દે તો સારું." પારધી જઈને પેલું મોતી લઈ આવ્યો અને માછલીને આપ્યું. માછલીએ કહ્યું: "તું હંસને છોડી દે. હું આવું જ મોતી લઈ આવું છું." પારધીને હંસને છોડી દીધો. માછલી તો ગઈ તે ગઈ જ. તે પાછી આવી જ નહીં. પારધી નિરાશ થઈને જતો રહ્યો. દોસ્તો, વધુ પડતો લોભ કરવા જઈએ તો આવી હાલત થાય. વળી માછલીની જેમ આપણે પણ મિત્ર દુ:ખમાં હોય તો મદદ કરવી જોઈએ.

**પ્રશ્નો :**

૧. સૌથી પહેલાં માછલીએ પારધીને મોતી આપવાની વાત ક્યારે કરી ?

૨. પારધીએ એ મોતીનું શું કર્યું ?

૩. પારધી બીજી વાર સરોવર કિનારે શા માટે ગયો ?



૪. માછલીએ અંતમાં હંસને છોડાવવા શી યુક્તિ કરી ?

૫. આ ગદ્યખંડ પરથી તમે શું શીખ્યાં ? તમારા શબ્દોમાં લખો.

Date:

Name: Div.: Roll No.:

# ગદ્યખંડ - ૬

**નીચે આપેલો ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

એકવખત સ્વામી વિવેકાનંદ મુંબઈ-પુના રેલવેમાં પ્રથમ વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા. એ વખતે ડબ્બામાં હાજર રહેલ એક અંગ્રેજ વિવેકાનંદ સાંભળે તેમ બોલતો હતો : હવે તો બાવાઓ પણ પ્રથમ વર્ગમાં મુસાફરી કરે છે વગેરે વગેરે.

વચ્ચે લોનાવાલા સ્ટેશન આવતાં વિવેકાનંદને મળવા આવનાર એક ગૃહસ્થ સાથે તેમને પ્રભાવશાળી રીતે અંગ્રેજીમાં વાત કરતાં જોઈને પેલાં મુસાફરની આંખો ઉઘડી અને તેણે વિવેકાનંદની માફી માગી.

તેમણે કહ્યું, "મને ખોટું લાગ્યું નથી કેમ કે દરેક માણસ સામા માણસની પરીક્ષા પોતાની બુદ્ધિ અનુસાર કરતો હોય છે."

**પ્રશ્નો :**

૧. સ્વામી વિવેકાનંદ કઈ રેલવેમાં અને કયા વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા ?

૨. અંગ્રેજ શું બોલતો હતો ?

૩. કોણે કોની માફી માગી ?

૪. સ્વામી વિવેકાનંદે અંગ્રેજને શો જવાબ આપ્યો ?

૫. આ ગદ્યખંડ પરથી તમે શું શીખ્યાં ?

Date: ૯/૧૦/૨૫

Name: શિવાન શેઠ Div.: ડી Roll No.: 39

# ગદ્યખંડ - ૭

**નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

અકબર બાદશાહ પોતાના દરબારીઓની બુદ્ધિને તપાસવા વિચિત્ર પ્રશ્નો પૂછતા. એક વાર રાજાએ દરબારીઓને પૂછ્યું, "આ શહેરમાં કેટલા કાગડા છે ?" પ્રશ્નના ઉત્તર માટે રાજાએ દરેક દરબારી તરફ નજર કરી.

બરાબર એ જ સમયે હોશિયાર બીરબલ દરબારમાં દાખલ થયા. તેમણે દરબારીઓને શાંત ઊભેલા જોયા. તેઓ સમજી ગયા કે નક્કી રાજાએ કોઈ અઘરો પ્રશ્ન પૂછ્યો છે. બીરબલે રાજાને નમસ્કાર કર્યા. તેઓ પોતાની જગ્યાએ બેઠા. અકબર રાજાએ બીરબલને પ્રશ્ન કર્યો, "બીરબલ, આ શહેરમાં કેટલા કાગડા છે ?" હાજરજવાબી બીરબલ તરત ઊભા થયા અને બોલ્યા, "બાદશાહ આ શહેરમાં પચાસ હજાર, ત્રણસો, વીસ કાગડા છે."

"આ શહેરના કાગડઓની આ સંખ્યા તું ખાતરીપૂર્વક કેવી રીતે કહી શકે છે, બીરબલ ?" બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું. બીરબલે જવાબ આપ્યો, "નામદાર, ખોટું લાગતું હોય તો કાગડાઓની ગણતરી કરાવી જુઓ. જો શહેરમાં પચાસ હજાર, ત્રણસો વીસ કરતાં વધુ કાગડા હોય તો સમજવું કે કેટલાક કાગડા બીજે ક્યાંકથી મિત્રો અને સંબધીઓને મળવા આવ્યા છે."

અકબર રાજાએ પૂછ્યું, "અને સંખ્યા ઓછી નીકળી તો ?" બીરબલે હસીને કહ્યું, "નામદાર ! એમાં શું ? જો સંખ્યા ઓછી નીકળે તો સમજવું કે અહીંથી કેટલાક કાગડા તેમના મિત્રો અને સંબંધીઓને મળવા બહાર ગયા છે." બીરબરની જવાબ સાંભળી અકબર રાજા ખુશ થઈ ગયા અને બોલ્યા, "શાબાશ ! ખરેખર તું લાજવાબ છે !"

**પ્રશ્નો :**

૧. અકબર રાજાએ દરબારીઓને ક્યો પ્રશ્ન પૂછ્યો ?

૨. રાજાના પ્રશ્નનો બીરબલે શો જવાબ આપ્યો ?

૩. કાગડાઓની સંખ્યા શહેરમાં વધારે હોય તો ? તે પ્રશ્નનો બીરબલે શો જવાબ આપ્યો ?

૪. કાગડાઓની સંખ્યા શહેરમાં ઓછા થવાનું કારણ શું હોય શકે ?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# ગદ્યખંડ - ૮

**નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

આપણી ખાવાપીવાની આદતને લગતી થોડી વાતો કરીએ તો સ્વાદ માટે જમવાનું ન જમતા, શાંતિથી ધીમે ધીમે આવીને ખાવું આ નિયમ યાદ રાખી આ રીતે જમવાની આદત પાડવી. ભૂખ વગર કંઈ પણ ખાવું નહિં. મસાલાવાળી વસ્તુઓ, વધારે પડતી મીઠાઈઓ અને તળેલી ચીજો ઓછી ખાવી જોઈએ. શાકભાજી અને ફળો વધારે ખાવા. સવારે જમીને છાશ પીવાની આદત આપણી પાચનક્રિયા માટે સારી છે. પેટ ભરાય ગયા પછી પણ ખાવું અને વધારે પડતું ખાવાથી પેટની તકલીફ વધી જાય છે. સ્વાદિષ્ટ વસ્તુઓ પણ આપણે પ્રમાણસર ખાવી.

**પ્રશ્ન**

૧. આપણે ક્યો નિયમ યાદ રાખવો જોઈએ ?

૨. કઈ વસ્તુઓ આપણે વધારે ખાવી જોઈએ ?

૩. કઈ આદત આપણી પાચનક્રયાને સારી બનાવે છે ?

૪. કેવી ચીજો ઓછી ખાવી જોઈએ ?

૫. આ ગદ્યખંડ પરથી આપણે શું શીખ્યાં ?

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# શબ્દસંપત્તિ

| | |
|---|---|
| ૧. અચરજ - નવાઈ | ૧૬. ધડ - શરીર |
| ૨. આઘું - દૂર | ૧૭. ભાવ - લાગણી |
| ૩. આજ્ઞા - હુકમ | ૧૮. નિર્ધન - ગરીબ |
| ૪. ઉઘાડું - ખુલ્લું | ૧૯. પદ્ધતિ - રીત |
| ૫. ઉદાસ - ગમગીન, હતાશ | ૨૦. પ્રારંભ - શરૂઆત |
| ૬. કંઠ - અવાજ, ગળું | ૨૧. પ્રકૃતિ - કુદરત, સ્વભાવ |
| ૭. ગુનો - વાંક, દોષ | ૨૨. દીઠી - જોઈ |
| ૮. ગર્ભશ્રીમંત - જન્મથી જ પૈસાદાર | ૨૩. ભાળવું - જોવું |
| ૯. જિજ્ઞાસા - જાણવાની ઇચ્છા | ૨૪. મન - હૈયું, ચિત્ત |
| ૧૦. ચહેરો - મોઢું, મોં | ૨૫. રાણા - રાજા |
| ૧૧. ચિંતા - ફિકર, મૂંઝવણ | ૨૬. માંદું - બીમાર |
| ૧૨. જાત્રા - યાત્રા | ૨૭. મીઠાઈ - મિષ્ટાન્ન |
| ૧૩. દુર્જન - ખરાબ માણસ | ૨૮. વન - જંગલ, અરણ્ય |
| ૧૪. દુર્ઘટના - અકસ્માત | ૨૯. વેદના - પીડા |
| ૧૫. બચપણ - બાળપણ | ૩૦. સુંવાળુ - લીસ્સું |

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

૧. પ્રકૃતિ

૨. ગુનો

૩. ચિંતા

૪. દુર્ઘટના

૫. પ્રારંભ

૬. વન

૭. મન

૮. વેદના

૯. આધુંં

૧૦. મીઠાઈ

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# જાતિ

**નીચેના શબ્દોની જાતિ બદલો.**

૧. રસોઈયો

૨. માળી

૩.ધોબી

૪. દિયર

૫. હાથી

૬. સોની

૭. આચાર્ય

૮. દેડકો

૯. ઊંટ

૧૦. વાણિયો

૧૧. ગૃહસ્થ

૧૨. જનક

૧૩. નણંદ

૧૪. ભરવાડ

૧૫. ભાઈબંધ

Date: ____________

Name: ______________________________ Div.: ________ Roll No.: ________

**નીચે લીટી દોરેલા શબ્દોનાં વચન બદલી વાક્ય ફરીથી લખો.**

૧. માણસ રસ્તો સરસ રીતે સાફ કરે છે.

___________________________________________

૨. મારી માતાએ મને વાર્તાનું પુસ્તક ભેટ આપ્યું.

___________________________________________

૩. રહેમાનચાચાએ બકરી પાળી હતી.

___________________________________________

૪. રમા પાસે લાલ બંગડી છે.

___________________________________________

૫. સસલું ગાજર ખાતું હતું.

___________________________________________

૬. પરીક્ષામાં આ વિદ્યાર્થીને ઈનામ મળ્યું છે.

___________________________________________

૭. શિક્ષક માટે બાળક ફૂલ લાવ્યું.

___________________________________________

૮. મેં ગાયને રોટલી ખવડાવી.

___________________________________________

૯. જોરથી પવન વાયો અને ઝૂંપડાનું છાપરું ઊડી ગયું.

___________________________________________

૧૦. આશા બજારમાં તેલ લેવા જાય છે.

___________________________________________

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# વિશેષણ

જે શબ્દ પ્રાણી કે પદાર્થનાં ગુણ કે ક્રિયાને વર્ણવી તેના અર્થમાં વધારો કરે તે વિશેષણ.

દા.ત. : તેની તેજસ્વી આંખમાં કપટ ન હતું.
આકાશ કાળાં વાદળોથી ભરાઈ ગયું.

**નીચે આપેલાં વાક્યોમાંથી વિશેષણ શોધી તેની નીચે લીટી દોરો.**

૧. મારા કુટુંબમાં સાત સભ્યો છે.

૨. જરા મીઠું વધારે નાખો.

૩. પાંચ કિલો બાજરીનો લોટ લેતાં આવજો.

૪. પેલું ઝાડ ઘણું ઊંચું છે.

૫. કડવો લીમડો ખાવાની મજા આવે.

૬. તમારો શો જવાબ છે ?

૭. દરિયામાં રંગીન માછલીઓ તરતી હતી.

૮. મેં બે રૂપિયા બાળકને આપ્યા.

૯. રંગબેરંગી પતંગિયાં જોવાની મજા આવે છે.

૧૦. પેલો માણસ આવ્યો હતો.

૧૧. તાજી છાશ જમ્યા પછી પીવાય.

૧૨. ચોરસ કબાટ બહાર મૂકાવો.

૧૩. આ ચિત્ર જુઓ.

૧૪. મને થોડું દૂધ આપો.

૧૫. અમારી શાળામાં પચાસ શિક્ષકો છે.

Narsee Monjee Educational Trust's
**JAMNABAI NARSEE SCHOOL**

Date: ____________

Name: ______________________________ Div.: ________ Roll No.: ________

## નીચેનાં ચિત્રો જોઈને ખાલી જગામાં યોગ્ય વિશેષણ લખો.



૧. આ ________ બાળક છે.



૨. ________ ફૂલોથી બગીચો શોભે છે.



૩. ટેબલ પર ________ પુસ્તકો છે.



૪. ________ સિંહથી બધા પ્રાણીઓ ડર છે.



૫. મેં ________ પેન્સિલથી ચિત્ર દોર્યું.



૬. હું રોજ ________ ફળ ખાઉં છું.



૭. આકાશમાં ________ તારા છે.




૮. મારી શાળા ________ છે.



૯. અમારા ઘરની બાજુમાં ________ મંદિર છે.



૧૦. ઝાડનાં પાન ________ રંગના હોય છે.



૧૧. મોર ________ પંખી છે.



૧૨. આપણા ઝંડામાં ________ રંગ છે.

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# કાળ

**નીચે આપેલાં વાક્યોના કાળ ઓળખો.**

૧. દાદાદાદી શિયાળામાં ગામમાં જશે. ____________

૨. નમન ગરમ ગરમ રોટલી ખાય છે. ____________

૩. અમે બધાંએ સાથે મળીને પ્રાર્થના કરી હતી. ____________

૪. રામ, લક્ષ્મણ અને સીતા જંગલમાં ચાલે છે. ____________

૫. મનનનાં દાદી કાલે વાર્તા કહેશે. ____________

૬. રાધાની માતાએ પાંચ રોટલી બનાવી હતી. ____________

૭. તમે આવતી કાલે કેટલા વાગે રમવા આવશો ? ____________

૮. નયનને ગુજરાતી વિષય ભણવાની મજા આવે છે. ____________

૯. હું ચાર દિવસ પછી મારા ભાઈના લગ્નમાં જઈશ. ____________

૧૦. રામ મુંબઈથી અમેરિકા જાય છે. ____________

Narsee Monjee Educational Trust's
JAMNABAI NARSEE SCHOOL

Date:

Div.:______ Roll No.:

Name:

# કાળ

નીચેના પ્રશ્નો સુચના પ્રમાણે લખો. કાળ

૧. નીચે આપેલા વાક્યનો કાળ પસંદ કરો

બાળકો આવતી કાલે ફરવા જશે.

(a) વર્તમાનકાળ (b) ભવિષ્યકાળ (c) ભૂતકાળ (d) ચાલુ વર્તમાનકાળ

૨. નીચે આપેલા વાક્યનો કાળ પસંદ કરો.

(a) ભૂતકાળ (b) ભવિષ્યકાળ (c) વર્તમાનકાળ (d) ચાલુ વર્તમાનકાળ

૩. નીચેના વાક્યનું ભૂતકાળ દર્શાવતું વાક્ય પસંદ કરી લખો.

(a) મોર કળા કરે છે. (b) મોર કળા કરશે. (c) મોર કળા કરતો હતો. (d) મોર કળા કરી રહ્યો છે.

૪. નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય પસંદ કરી લખો.

(a) હું મારા મિત્રના ઘરે જાઉં છું.

(b) કાલે હું મારા મિત્રના ઘરે જઈશ.

(c) હું મારા મિત્રના ઘરે ગયો હતો.

(d) ગઈકાલે હું મારા મિત્રના ઘરે ગયો હતો.

૫. ખાલી જગ્યામાં કાળ અનુસાર સાચો જવાબ પસંદ કરી લખો.

________ શિક્ષક બાળકોને કવિતા સમજાવશે. (ભવિષ્યકાળ)

(a) આજે (b) આવતીકાલે (c) ગઈકાલે (d) ક્યારેક

૬. 'દયા અચાનક માંદી પડી.' આપેલા વાક્યનું વર્તમાનકાળ બતાવતું સાચું વાક્ય પસંદ કરો.

(a) દયા અચાનક માંદી પદવાની છે.

(b) દયા અચાનક માંદી પડી ગઈ છે.

(c) દયા અચાનક માંદી પડે છે.

(d) દયા અચાનક માંદી પડવા લાગી છે.

૭. ભવિષ્યકાળ માટે સાચું વાક્ય શોધો.

(a) ગઈકાલે ધોધમાર વરસાદ વરસતો હશે.

(b) આવતીકાલે ધોધમાર વરસાદ વરસતો હશે

(c) આજે ધોધમાર વરસાદ વરસી રહ્યો હશે.

(d) ક્યારેક ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

Date: ____________

Name: ______________________ Div.: ________ Roll No.: ________

# ઉપસર્ગ

**ક્રોસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય ઉપસર્ગ શોધો અને જવાબ લખો.**

(અતિલોભ, અતિસ્નેહ, વિશેષ, સુપાત્ર, વિજ્ઞાન, સુવિચાર, પ્રયત્ન, પરાજિત, દુર્જન, પરાક્રમ, દુર્લભ, નિર્દય, પ્રગતિ, નિર્દોષ, પ્રતિદિન, આધાર, અવગુણ, અભિષેક, ઉપવાસ, પ્રતિવર્ષ, અવતાર, અભિનંદન, ઉપયોગ, આઘાત, અપશબ્દ, અનુજ, અનુકરણ, અધિકાર, અપમાન, અધિપતિ)

| ઉપસર્ગ | ઉદાહરણ | |
|---|---|---|
| ૧. અતિ | અતિલોભ, | અતિસ્નેહ |
| ૨. અધિ | ____________ | ____________ |
| ૩. અનુ | ____________ | ____________ |
| ૪. અપ | ____________ | ____________ |
| ૫. અભિ | ____________ | ____________ |
| ૬. અવ | ____________ | ____________ |
| ૭. આ | ____________ | ____________ |
| ૮. પ્રતિ | ____________ | ____________ |
| ૯. ઉપ | ____________ | ____________ |
| ૧૦. દુર્ | ____________ | ____________ |
| ૧૧. નિર્ | ____________ | ____________ |
| ૧૨. પરા | ____________ | ____________ |
| ૧૩. પ્ર | ____________ | ____________ |
| ૧૪. સુ | ____________ | ____________ |
| ૧૫. વિ | ____________ | ____________ |

Date:

Name: Div.: Roll No.:

# પ્રત્યય

પ્રત્યયો શબ્દની પાછી લાગે છે અને શબ્દના અર્થમાં ફેરફાર કરે છે. ચાલો નીચે આપેલાં થોડા ઉદાહરણો જોઈએ.

| | મૂળધાતુ | પ્રત્યય | નવો શબ્દ | |
|---|---|---|---|---|
| ૧ | પત્ર, સાહિત્ય | કાર | પત્રકાર | સાહિત્યકાર |
| ૨ | જમીન, દુકાન | દાર | | |
| ૩ | વીર, સુંદર | તા | | |
| ૪ | મીઠું, ખારું | આશ | | |
| ૫ | બળ, ગુણ | વાન | | |
| ૬ | રાષ્ટ્ર, માનવ | ઈય | | |
| ૭ | રસ, ધન | ઈક | | |
| ૮ | દયા, માયા | આળુ | | |
| ૯ | મોટું, પહોળું | આઈ | | |
| ૧૦ | રસ, ઝેરી | ઈલું | | |
| ૧૧ | હેત, શરમ | આળ | | |
| ૧૨ | દોસ્ત, ખૂબ | ઈ | | |

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# વિભક્તિ

વિભક્તિઓનો પરિચય :

| ક્રમ | વિભક્તિ | કારક | શું દર્શાવે છે. | પ્રત્યય |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમા | કર્તા | ક્રિયા કરનાર | એ |
| ૨ | દ્વિતીયા | કર્મ | ક્રિયાનું કર્મ | ને |
| ૩ | તૃતીયા | કરણ | સાધનના સંદર્ભમાં | એ, થકી |
| ૪ | ચતુર્થી | સંપ્રદાન | ક્રિયાનો હેતુ / કારણ | ને, માટે |
| ૫ | પંચમી | અપાદાન | છૂટા થવાનો ભાવ | થી, માંથી |
| ૬ | ષષ્ઠી | સંબંધક | સંબંધ બતાવે | નો, ની, નું, ના |
| ૭ | સપ્તમી | અધિકરણ | ક્રિયાનું સ્થાન / સ્થળ બતાવે | માં, એ |
| ૮ | અષ્ટમી | સંબોધન | | |

**નીચેના વાક્યોમાં રેખાંકિત પ્રત્યયની વિભક્તિ દર્શાવો.**

૧. બા <u>ચપ્પુથી</u> શાક સમારે છે.

______________________________

૨. રજા રામ મોહનરૉય ઉત્તમ <u>ગુણોના</u> ભંડાર હતા.

______________________________

૩. રાધિકાએ ઝાડ <u>પરથી</u> કેરી <u>નીચે</u> પાડી.

______________________________

૪. <u>ઘરમાં</u> બેસીને ઘણી રમત રમાય.

______________________________

૫. રામે સીતાના હાથમાં <u>સોનાનું</u> કડું આપ્યું.

______________________________

Name ______ Div.: ______ Date: ______ Roll No.: ______

# વિભક્તિના પ્રત્યયો

**નીચે આપેલાં વાક્યોમાં વિભક્તિના પ્રત્યયો લગાડો.**

૧. હું પ્રભુ ☐ પ્રણામ કરું છું.

૨. રાજા ☐ પ્રધાન ☐ હુકમ કર્યો.

૩. દસ ☐ પાંચ જાય, તો બાકી કેટલા રહે ?

૪. ગરીબ માણસ ☐ પાકિટ ખોવાઈ ગયું.

૫. મારી પેન્સિલ ટેબલ ☐ ખાના ☐ છે.

૬. કૃષ્ણે શિશુપાલ ☐ વધ કર્યો.

૭. માતા ☐ મને મારી ફરજ સમજાવી.

૮. વૃક્ષ પર ☐ ફળ નીચે પડયું.

૯. મેં ધોબી ☐ કપડાં આપ્યાં.

૧૦. દશરથે કૈકેયી ☐ બે વરદાન માંગવાનું કહ્યું.

૧૧. હું રોજ પુસ્તક ☐ વાંચન કરું છું.

૧૨. શિકારી ☐ જંગલ ☐ સિંહ ☐ શિકાર કર્યો.

Date: ________

Name: ________ Div.: ______ Roll No.: ______

# અવ્યય

અ) નીચે આપેલાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ અવ્યય શોધો.

૧. માણસ ચૂપચાપ રસ્તા પરથી પસાર થાય છે.

૨. ધીમે ધીમે ચાલો. હજી ગામ પહોંચવામાં વાર છે.

બ) નીચે આપેલાં વાક્યોમાંથી નામયોગી અવ્યય શોધો.

૧. મહેશ વિના મારું કામ કોઈ નહીં કરે.

૨. હું ઉપર સુધી જાઉં છું, તમે મારી પાછળ પાછળ આવો.

ક) નીચે આપેલાં વાક્યોમાંથી ઉભયાન્વયી અવ્યય શોધો.

૧. હું બહાર જવાનો હતો પરંતુ હવે મને જવાની બિલકુલ ઇચ્છા થતી નથી.

૨. મને સારા ગુણ મળ્યા નહીં કારણ કે મેં મહેનત કરી નહોતી.

ડ) નીચે આપેલાં વાક્યોમાંથી કેવળપ્રયોગી અવ્યય શોધો.

૧. શાબાશ ! આવી જ પ્રગતિ કરતો રહેજે.

૨. અરેરે ! તેં આ શું કર્યું ?

Date:

Div.:______ Roll No.:

Name:

**નીચેના આપેલાં વાક્યોમાંથી અવ્યય શોધી તેનો પ્રકાર જણાવો.**

૧. દેશની આઝાદી માટે અનેક સૈનિકો શહીદ થઈ ગયા.

___

૨. પતંગ ચગાવવા શ્યામ છાપરાં ઉપર ચઢ્યો છે.

___

૩. તું કામ ઝડપથી કર, નહીં તો મોડું થશે.

___

૪. શાબાશ ! તે આપણી કૉલેજનું નામ દીપાવ્યું.

___

૫. મારે બહાર જવું હતું પણ મારી બહેનપણી આવી નહીં.

___

૬. વાહ ! વાહ ! શું સુંદરતા છે કાશ્મીરની !

___

૭. ધીમે ધીમે આવજો, નહીં તો બધાં જાગી જશે.

___

૮. હું લગ્નમાં નથી જવાની પરંતુ તું તો જા.

___

૯. છટ્ ! આવું તે કાંઈ હોતું હશે.

___

૧૦. મને તારા વગર ઘરમાં ગમતું નથી.

___

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# બે અર્થવાળા શબ્દો

૧. બાર ____________ ____________

૨ ભાવ ____________ ____________

૩. ભાર ____________ ____________

૪. માળો ____________ ____________

૫. મીઠું ____________ ____________

૬. વાટ ____________ ____________

૭. વાત ____________ ____________

૮. વચન ____________ ____________

૯. વર ____________ ____________

૧૦. વાર ____________ ____________

૧૧. સોમ ____________ ____________

૧૨. સોળ ____________ ____________

૧૩. હાર ____________ ____________

૧૪. અક્ષર ____________ ____________

૧૫. અખાડો ____________ ____________

Date:

Name: Div.: Roll No.:

નીચે આપેલા શબ્દોના બે અર્થ આપી વાક્ય બનાવો.

૧. વર

૨. માળો

૩. વાટ

૪. બાર

૫. ભાવ

Date: ____________

Name: ____________ Div.: ______ Roll No.: ______

# રૂઢિપ્રયોગો

**નીચે આપેલા રૂઢિપ્રયોગોના વાક્યો બનાવો.**

૧. ધોળામાં ધૂળ પડવી - મોટી ઉંમરે કલંક લાગવું

૨. અડધી રાતે - મુસીબતના સમયે

૩. દાળમાં કંઈક કાળું હોવું - શંકા જવી

૪. રંગમાં ભંગ પડવો - આનંદ / મજામાં મુશ્કેલી આવવી

૫. રામબાણ ઉપાય - સચોટ ઉપાય

૬. લીલો દુકાળ - પુષ્કળ વરસાદ આવવો

૭. હાથ આપવો - મદદ કરવી

૮. નાક રાખવું - આબરૂ રાખવી

Date: ____________

Name: ______________________________ Div.: ________ Roll No.: ________

# કહેવતો

**નીચે આપેલી કહેવતોનાં વાક્ય બનાવો.**

૧. ઝાઝા હાથ રળિયામણા – વધારે માણસો હોય તો કામ જલદી અને સારું થાય.

____________________________________________

____________________________________________

____________________________________________

૨. ધીરજનાં ફળ મીઠાં – ધીરજ રાખવાથી અનેક લાભ થાય છે.

____________________________________________

____________________________________________

____________________________________________

૩. દુ:ખનું ઓસડ દહાડા – શોક દૂર કરવાનો ઉત્તમ ઉપાય ધીરજથી સમય પસાર કરવો તે છે.

____________________________________________

____________________________________________

____________________________________________

૪. ખાલી ચણો વાગે ઘણો – અજ્ઞાની માણસ જ્ઞાનનો વધારે દેખાવ કરે.

____________________________________________

____________________________________________

____________________________________________

૫. રાત થોડીને વેશ ઝાઝા – સમય ઓછો ને કામ વધારે.

____________________________________________

____________________________________________

____________________________________________

# અશુદ્ધ શુદ્ધ

અશુદ્ધ વાક્યોને શુદ્ધ કરો.

૧. માતાને જોઈ બાળક ખડખડાટ હશવા લાઈ ગું.

______________________________

૨. રામ બંસરી વગાળતો હતો.

______________________________

3. મારી મિત્રએ જંગલમાં રીંછ જોયું હતું.

______________________________

૪. કોઇ પ્રશ્ન હોઈ તો પૂછો.

______________________________

૫. ભારત આપડો દેશ છે.

______________________________

૬. અમણાં ઘણાં સમયથી તમારો પત્ર મળીઓ નથી.

______________________________

૭. મેં સોચ્યું કે તું કેમ ન આવ્યો ?

______________________________

૮. તેમને કામ પૂરું કર્યું.

______________________________

૯. તેમને મને સુંદર ભેટ આઈપી.

______________________________

૧૦. હમે બારગામ ફરવા ગયા હતા.

______________________________

Date:

Name: Div.: Roll No.:

## સાચી જોડણી લખો.

| | |
|---|---|
| કબુતર | |
| કર્તવય | |
| સિંઘદાણા | |
| વિજળી | |
| ભાસાંતર | |
| વીજય | |
| પ્રત્ર | |
| ઉશા | |
| વીરોધી | |
| ગનપતી | |
| દુશમન | |
| અવીનાસી | |
| સૂર્યઅસ્ત | |
| સરજક | |

Date:______________

Name:________________________________ Div.:______ Roll No.:______

# ચિત્રવર્ણન

**નીચે આપેલું ચિત્ર ધ્યાનપૂર્વક જુઓ અને એનું વર્ણન કરો અથવા વાર્તા લખો, જેનો સીધો અને સ્પષ્ટ સંબંધ ચિત્ર સાથે હોય.**



આ ચિત્રમાં કોણ કોણ દેખાય છે? તમે દાદાદાદી / નાનાનાની - કોની સાથે રહો છો? તેઓ પોતાનો સમય કઈ રીતે પસાર કરે છે? - આપણા આ વડીલોનું આપણે કઇ રીતે ધ્યાન રાખવું જોઇએ? તમે કઈ રીતે તેઓને મદદ કરો છો? - આ ચિત્ર જોઈને તમને શા વિચારો આવે છે? પાછળના પૃષ્ઠ પર આ ચિત્રનું વર્ણન કરો.

Date:

Name Div.: Roll No.:

# ચિત્રવર્ણન

Date: ____________

Name: ______________________ Div.: ________ Roll No.: ________

# ગદ્યખંડ ૧

પાટણનો સોલંકી સિદ્ધરાજ ગુજરાતનો રાજવી ગણાય છે. એની માતા મીનલદેવી ધર્મનિષ્ઠ સ્ત્રી હતી.

એકવાર મીનલદેવી સોમનાથની જાત્રાએ જવા નીકળી હતી. રસ્તામાં એને કેટલાક સાધુઓ મળ્યા. સાધુઓએ કહ્યું કે અમે ભગવાન સોમનાથનાં દર્શન કરવા ગયા હતા, પણ મંદિરમાં ભગવાનનાં દર્શન કરવા માટે વેરો ભરવો પડે છે. અમે સાધુ, અમારી પાસે પૈસા ક્યાંથી હોય ? અમે વેરો ન ભરી શક્યા એટલે અમારે દર્શન કર્યા વિના જ પાછા ફરવું પડ્યું.

આ સાંભળી મીનલદેવીની આંખો ભીની થઈ, તે ત્યાંથી જ પાછી ફરી. તેણે સિદ્ધરાજને કહ્યું : 'હું રાજમાતા, અને આ બધી મારી રૈયત. મારી રૈયતને જો ભગવાનનાં દર્શન ન થઈ શકતાં હોય તો હું ક્યા મોંએ ભગવાનનાં દર્શન કરવા જાઉં ? ભગવાનનાં દર્શન કરવાના પૈસા લેવાય જ નહિ !'

આ મંદિરના વેરાની આવક બોંતેર લાખની હતી, પણ માતાની આજ્ઞા થતાં સિદ્ધરાજે જ ક્ષણે વેરો માફ કરી નાખ્યો.

મીનલદેવી રાજમાતા હતી, સાથે રૈયતની પણ માતા હતી. માતા હતી તે જેવી તેવી નહિ. ધોળકામાં એ તળાવ બંધાવતી હતી. તળાવને બરાબર ગોળ બનાવવું હતું, પણ વચમાં એક બાઈનું ઘર નડતું હતું, મીનલદેવીએ મોંમાગ્યા પૈસા લઈ એ ઘર આપવા બાઈને કહ્યું, પણ બાઈએ ધરાર ના પાડી એ જમાનામાં સિદ્ધરાજ જેવા દિગ્વિજયી રાજાની માતાને એક સાધારણ સ્ત્રી આવું કહી શકતી હતી ! મીનલદેવીએ સત્તા ન વાપરી એણે બાઈનું ઘર જેમનું તેમ રાખ્યું, તળાવ ભલે ખાંચાવાળું થયું !

આનું નામ રાજમાતા; આનું નામ ગૂર્જરમાતા.

**પ્રશ્નો**

૧. પાટણના રાજા અને રાજમાતાનાં નામ આપો.

૨. સોમનાથની યાત્રાએથી રાજમાતા પાછી કેમ ફરી ? તેનું શું પરિણામ આવ્યું ?

૩. રાજમાતાને ક્યાં અને કેવું તળાવ બંધાવવું હતું ?

૪. રાજમાતા રૈયતની સાચી માતા હતી. આ કથન સમજાવો.

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Date: ________

Name ________ Div.: ________ Roll No.: ________

# ગદ્યખંડ ૨

વિલાયતમાં એક મહાન સંગીતકાર થઈ ગયો. તેનું નામ માઈકલ ટીલસન થૉમસ. એના સંગીત પર સૌ ફીદા હતા. આ સફળતાથી એ ફુલાઈને ગર્વિષ્ઠ બની ગયો અને હાથ નીચેના માણસોની તથા બીજાઓની સાથે તોછડાઈથી વર્તવા લાગ્યો.

એ જોઈ એની માતાને ખૂબ દુ:ખ થયું. પુત્રની સિદ્ધિઓનો એને ગર્વ હતો, પણ પુત્રની રીતભાત એને શરમાવા જેવી લાગતી હતી. તેથી એક દિવસ એણે પુત્રને કહ્યું : દીકરા, તું સંગીતનો ખાં છે એ ખરું, પણ એ તો ઈશ્વરી બક્ષિસ છે. ઈશ્વરી બક્ષિસને તારી અંગત કમાણી સમજી તું એનો અહંકાર કરે અને બીજાઓનો તિરસ્કાર કરે એ તને શોભતું નથી માણસે પહેલાં સારા માણસ થવું જોઈએ, પછી બીજું બધું. ભગવાને તને સંગીતની બક્ષિસ દેવાને લાયક ગણ્યો એનો અર્થ એ નથી કે તારે સારા માણસ ન થવું. ઊલટું. સારા માણસ થઈને તારે દેખાડી આપવું જોઈએ કે ઈશ્વરી બક્ષિસને તું લાયક છે !

માતાના આ શબ્દોની પુત્ર પર ખૂબ સારી અસર થઈ ; એનું આખું જીવન બદલાઈ ગયું.

કેટલી બધી શક્તિ છે માતાની એક નાની શી ટકોરમાં ! કેટલાયે મહાન પુરુષોના જીવનમાં આપણને આવો ચમત્કાર જોવા મળે છે.

**પ્રશ્નો**

૧. વિલાયતમાં સૌ કોના સંગીત પર ફીદા હતા ?

૨. તેની માતાને શા માટે દુ:ખ થયું ?

૩. માતાએ પુત્રને શું સમજાવ્યું ?

૪. આ પરિચ્છેદને શીર્ષક આપો.

૫. આ ગદ્યખંડ પરથી તમને શું શીખવા મળ્યું ?

Date: ____________

Div.: ______ Roll No.: ______

Name: ____________________

# ગદ્યખંડ ૩

નજીકમાં માણસની વસ્તી નથી એવા ગાઢ બિહામણા જંગલની મધ્યમાં અઢાર ફૂટ લાંબી અને ચૌદ ફૂટ પહોળી એવી લાકડાની નાની કોટડીમાં તા ૧૨-૨-૧૮૦૮ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનનો જન્મ થયો હતો. માન્યામાં ન આવે એવી આ વાત છે, પણ સાચી છે. આજે એ દિવસ અમેરિકાના ઈતિહાસમાં મહત્ત્વનો ગણાય છે અને એ કોટડી અમેરિકાનું તીર્થસ્થળ બની ગઈ છે.

લિંકનના પિતા સુથાર હતા; તેઓ ખેતી પણ કરતા; પણ પેટગુજારા જેટલું કમાઈ શકતા નહિ. લિંકનની માતા નાન્સી ખૂબ મહેનતુ સ્ત્રી હતી. એ ભણતરનું મહત્ત્વ સમજતી હતી. એને પોતાને લખતાંવાંચતાં આવડતું હતું અને એની પાસે કેટલીક ચોપડીઓ પણ હતી. પોતાના રહેઠાણથી ચાર માઈલ પર કોઈકે શાળા ખોલી છે એવું જાણ્યું કે એણે લિંકનને અને એની નાની બહેનને ત્યાં ભણવા મોકલવા માંડયાં. છોકરાં જંગલમાં થઈને ચાલતાં જાય અને આવે પણ શાળા કેવળ નામની હતી. એકાદ ફાટેલી ચોપડી માસ્તર પાસે હતી તે બધાએ વારાફરતી વાંચવાની, બાકી મોઢે ભણવાનું. પણ લિંકન થોડા જ મહિનાઓમાં લખવા-વાંચવાનું શીખી ગયો.

હજી તો લિંકન સાત વરસનો હતો, ત્યાં બાપે આ જંગલમાંથી ડેરા ઉઠાવી દૂરના બીજા જંગલમાં જઈને વસવાટ કર્યો. બાપની ઈચ્છા લિંકનને અહીં ખેતીના કામમાં જોડી દેવાની હતી, તેથી તેણે કુહાડો ચલાવી ઝાડ કેમ કાપવાં તથા રીંછ જેવાં જંગલી જાનવરોનો સામનો કેમ કરવો તે એને શીખવ્યું.

**પ્રશ્નો**

૧. અમેરિકાના રાષ્ટ્રપતિનું નામ આપો.

૨. તેમનો જન્મ ક્યાં અને ક્યારે થયો ?

૩. લિંકનનાં માતાપિતા વિશે માહિતી આપો.

૪. લિંકનની માતાએ બાળકોને ક્યાં ભણાવા મોકલ્યાં ? એ શું બતાવે છે ?

૫. લિંકનની શાળા કેવી હતી ?

૬. પિતાએ લિંકનને શું શીખવ્યું ? શા માટે ?

# ગદ્યખંડ ૪

ચારે બાજુ મોગલોની ફોજો ફરતી હતી. કઈ ઘડીએ હલ્લો થાય તે કહેવાય નહિ. એવે વખતે માતા જીજાબાઈએ શિવનેરીના કિલ્લામાં ઈ.સ. ૧૬૨૭ માં એક બાળકને જન્મ આપ્યો. એ બાળક તે શિવાજી. માતા રોજ બાળકને રામાયણ-મહાભારતની વાતો કહેતી. રામ, લક્ષ્મણ, ભીમ, અર્જુન, લવ-કુશ અને અભિમન્યુ વગેરેનાં પરાક્રમોની વાતો સાંભળી બાળક શિવાજીને એવાં પરાક્રમો કરવાનું મન થતું અને એ બોલી ઊઠતો : 'હું પણ એવો પરાક્રમી થઈશ.' માતા બાળકને છાતીએ ભીડી કહેતી : 'પ્રભુ એ દિવસ વહેલો લાવે ! હું એ દિવસ જોવા જ જીવું છું.'

અને માતાએ એ દિવસ જોયો. પુત્ર શિવાજી પરદેશી સત્તાની સામે લડનારો મહાવીર થયો - છત્રપતિ શિવાજી નામે જગપ્રસિદ્ધ થયો.

શિવાજીનાં આ પરાક્રમોમાં માતાની પ્રેરણા કેવી રીતે કામ કરતી હતી તેનું એક દૃષ્ટાંત જોઈએ. એક વાર માતાએ શિવાજીને કહ્યું : 'દીકરા, પેલો કોંડાણાનો કિલ્લો હજી દુશ્મનના હાથમાં છે તે મને ખૂંચે છે.'

માતાના મનની વાત શિવાજી સમજી ગયા પણ એ કિલ્લો ખૂબ મજબૂત હતો, ઊંચા પહાડ પર હતો અને મોટા સૈન્યથી રક્ષાયેલો હતો. પણ માતાની ઇચ્છા એટલે માતાની આજ્ઞા. માતાની આજ્ઞાનો અનાદર કેમ થાય ? તરત જ એ કિલ્લો જીતવા શિવાજીએ વીર તાનાજીને મોકલ્યો. એ દિવસે તાનાજીને ઘેર એના દીકરાનાં લગ્ન હતાં, પણ 'પહેલાં લગ્ન,કોંડાણાનાં, પછી દીકરાનાં !' કહીને એ કિલ્લો જીતવા ઊપડયો અદ્ભુત પરાક્રમ કરી એ કિલ્લો એણે જીત્યો, પણ યુદ્ધમાં એ મરાયો. શિવાજીથી બોલાઈ ગયું : 'ગઢ આવ્યો પણ સિંહ (તાનાજી) ગયો !' કોંડાણાના કિલ્લાનું નામ હવે સિંહગઢ પડ્યું.

શિવાજીએ કિલ્લો માતાને અર્પણ કર્યો. માતાના હર્ષનો અને ગર્વનો પાર ન રહ્યો.

આવું છે માતાએ દીધેલા સંસ્કારનું અને માતાની પ્રેરણાનું બળ !

**પ્રશ્નો**

૧. શિવાજીની માતાનું નામ શું હતું ?

૨. શિવાજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો ?

૩. માતા શિવાજીને કોની વાતો કહેતી ? શિવાજી પર તેની શી અસર થઈ ?

૪. માતાની કઈ ઈચ્છા શિવાજી સમજી ગયા ?

૫. કિલ્લો જીતવા શિવાજીએ કોને મોકલ્યો ? શું બોલીને તે કિલ્લો જીતવા ઉપડયો ?

૬. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# ગદ્યખંડ ૫

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આઈઝનહોવરની આ વાત છે. તેઓએ પોતાની ઑફિસના શૉકેસમાં એક ઝાડુ મૂકી રાખેલું! જોનારને આશ્ચર્ય થાય અને પ્રશ્ન થાય કે રાષ્ટ્રપતિ શૉકેસમાં કોઈ કલાત્મક શિલ્પને બદલે ઝાડુ કેમ મૂકી રાખે છે? કોઈએ પૂછતાં આઈઝનહોવરે ખુલાસો કર્યો કે: 'તમને અચરજ થાય તે સ્વાભાવિક છે. પણ આ ઝાડુ મને મળેલી અણમોલ ભેટ છે. રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં મેં ભાષણોમાં કહેલું કે મને જો તમે ચૂંટી કાઢશો તો દેશમાં વ્યાપેલી ગંદકી અને બદબૂ સાફ કરી દેશને સ્વચ્છ અને સુંદર બનાવીશ. ચૂંટણી જીત્યા પછી મને જે ભેટો મળી તેમાં એક પાર્સલમાં આ ઝાડુ અને મારા વચનની યાદ અપાવતો એક પત્ર હતો! ઝાડુ અને એ પત્ર હાથમાં લેતા મારું મન અતીતમાં ડૂબી ગયું. મને થયું મારે મારા વચનનું પાલન કરવું જોઈએ. તેની યાદ મને સતત રહે તે માટે મારી સામે જ આ ઝાડુ મૂકી રાખ્યું છે!'

**પ્રશ્નો**

૧. અમેરિકાના કયા રાષ્ટ્રપતિની આ વાત છે? એમણે પોતાની ઑફિસમાં શું મૂકયું હતું?

૨. ચૂંટણી વખતે એમણે શું કહ્યું હતું?

૩. એમને ઝાડુની ભેટ કેમ મળી હતી?

૪. રાષ્ટ્રપતિએ ઝાડુ જોઈને કઈ વાત યાદ રાખવાનું નક્કી કર્યું?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# ગદ્યખંડ ૬

જાપાનના શહેરની લોકલ ટ્રેનમાં ભીડ તો આપણે ત્યાં થાય છે એના જેવી જ ; પણ લોકો ઘણા શિસ્તવાળા. ગાડી આવે ત્યારે તેમાં ચડનારા પ્લૅટફૉર્મ પર હારબંધ ઊભા જ હોય. ઊતરનારા ઊતરી જાય પછી નવા મુસાફર ચડે. દરવાજો બંધ થાય પછી જ ગાડી ઊપડી શકે, એવી યાંત્રિક ગોઠવણી.

સાકાઈથી ઓસાકા જવા હું લોકલમાં ચડયો. ડબ્બામાં છત પરથી લટકતાં કડાં પકડીને પચ્ચીસથી ત્રીસ જણા ઊભા હતા. એક બેઠક ખાલી પડી હતી. 'કોઈ કેમ બેસતું નથી ?' મેં સાથેના મિત્રને પૂછ્યું. તેણે સમજાવ્યું કે 'જેટલા ઊભા છે તે સૌને બેસવું તો છે પણ ખાલી બેઠક એક જ છે. તેથી બધા વિચાર કરે છે કે બેઠક મને નહીં પણ કોઈ બીજાને મળવી જોઈએ. માટે સૌ ઊભા છે.' બીજાને સગવડ પહેલાં મળવી જોઈએ, એ ભાવના માત્ર રેલગાડીમાં જ નહીં પણ જીવનના બીજા ઘણા વ્યવહારોમાં મેં જોઈ.

**પ્રશ્નો :**

૧. જાપાનના લોકો શિસ્તવાળા છે એમ શા પરથી કહી શકાય ?

૨. ખાલી બેઠક હોવા છતાં સૌ કેમ ઊભા હતા ?

૩. લેખકે જાપાનમાં કઈ ભાવના ક્યાં ક્યાં જોઈ ?

૪. તમે આ પરિચ્છેદમાંથી શું શીખ્યા ?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# ગદ્યખંડ ૭

ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, સાહિત્ય અને કલાજગત માટે ૭ મે ૧૮૬૧ નો દિવસ મહત્ત્વનો મનાયો છે. એ દિવસે બંગાળમાં માતા શારદામણિ અને પિતા દેવેન્દ્રનાથના આંગણે પુત્રજન્મ થયો. એ પુત્ર એટલે કવિ રવીન્દ્રનાથ ટાગોર. એમના પૂર્વજોની મૂળ અટક તો બેનરજી. અંગ્રેજ રાજ્ય અમલ દરમ્યાન તેમના પરિવારને ઠાકુરનો ઈલ્કાબ આપવામાં આવ્યો હતો. ઠાકુરમાંથી પછી ટાગોર અટક પ્રચલિત થઈ.

રવીન્દ્રનાથ ટાગોરે 'માનસી' કાવ્યસંગ્રહ પ્રકટ કર્યો ત્યાં સુધી ભારતીય કવિ તરીકે એમને કોઈ ઓળખ મળી નહોતી. એમની કાવ્યકૃતિ 'ગીતાંજલિ' ને યુરોપનું નોબલ પારિતોષિક પ્રાપ્ત થતાંની સાથે જ તેઓ બંગાળ કે ભારતના જ નહીં પણ વિશ્વના મહાન કવિ તરીકે માનપાન અને સ્થાન પામ્યા.

રવીન્દ્રનાથ ટાગોરનું વ્યક્તિત્વ સાદગીપૂર્ણ છતાંયે ભારતીય ઋષિ જેવું આકર્ષક. એમના વ્યક્તિત્વ જેવી જ તેમની કવિતા પણ સાદી, સરળ, સ્વાભાવિક છતાં ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. રાધાકૃષ્ણનો વૈષ્ણવભાવ અને કૃષ્ણ માટેનો તલસાટ તેમાં જોવામાં આવે છે. એમનાં ગીતોમાંથી ઊંડી સંવેદનશીલતા, અનેરી કલ્પનાઓ અને તાજગીનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. આપણું રાષ્ટ્રગીત 'જન ગણ મન' અને 'સોનાર બાંગલા' તેમની સુપ્રસિદ્ધ રચનાઓ છે.

'ગીતાંજલિ' મૂળ બંગાળી ભાષામાં છે. ૭મી મે ૧૯૧૨ના રોજ લંડન જતાં ટાગોરે તેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરલો. બ્રિટીશ પત્રકાર સર વિલિયમ રોથેન્સ્ટેઈને તે જોવા મળતાં તેમણે ટાગોરની ઓળખાણ પ્રસિદ્ધ સર્જક ડબલ્યુ. બી. યીટ્સ સાથે કરાવી. તે પછી યીટ્સની પ્રસ્તાવના સાથે અંગ્રેજી 'ગીતાંજલિ'નું પ્રકાશન થયું અને નોબેલ પુરસ્કાર મળતાં જ ટાગોરનું નામ દુનિયાભરમાં જાણીતું થયું. આ પુરસ્કાર મેળવનારા તેઓ સૌ પ્રથમ એશિયા ખંડથી હતા. ૨૮ જાન્યુઆરી ૧૯૧૪ના દિને બંગાળના ગવર્નર લોર્ડ કારમાઈકલ દ્વારા ખાસ સમારંભમાં તેમને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો.

**પ્રશ્નો :**

૧. રવીન્દ્રનાથ ટાગોરનાં માતાપિતાનાં નામ આપો.

૨. તેમની મૂળ અટક કઈ હતી ? પાછળથી કઈ બની ? શા માટે ?

૩. તેઓ તેમની કઈ કાવ્યકૃતિને કારણે વિશ્વભરમાં જાણીતા થયા ?

૪. તેમની કાવ્યશક્તિનો પરિચય આપો.

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Date: ____________

Name: ______________________________ Div.: ______ Roll No.: ______

# ગદ્યખંડ ૮

મેડિકલ કૉલેજના એક વર્ગમાં પ્રોફેસર વ્યાખ્યાન આપી રહ્યા હતા. તેમણે કહ્યું : "ડૉક્ટર બનવા માટે તમારે બે શક્તિની ખાસ જરૂર છે. : એક છે નિરીક્ષણશક્તિ અને બીજી છે સહનશક્તિ. દવાઓની ગંધથી તમારે નાક-મોં સંકોડવાનાં નથી."

એમ કહી તેમણે કહ્યું : "હવે એ જ વાત આપણે રૂબરૂ જોઈએ. આ ગંદા પાણીને હું ચાખી જોઉં છું. એ જ રીતે દરેક વિદ્યાર્થી ચાખી જુએ."

પ્રોફેસર પોતાના હાથની એક આંગળી બોળી અને પાણી ચાખી જોયું.

એનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓએ મોં બગાડી આંગળી ડુબાડી એ ગંદું પાણી ચાખી જોયું.

બધાંના મોઢાં એકદમ ચઢી ગયાં. બધાનો વારો પતી જતાં પ્રોફેસરે કહ્યું : "તમે બધા એક ગુણમાં નિપુણ છો. ગંધ માટેની તમારી શક્તિ પ્રશંસનીય છે. એ બદલ તમને અભિનંદન. પણ બીજી શક્તિ એટલે કે નિરીક્ષણશક્તિ તમારાં કોઈનામાં નથી. મેં એક આંગળી આ ગંદા પાણીમાં બોળી અને બીજી આંગળી ચાખી જોઈ હતી. જયારે તમે જે આંગળી પાણીમાં બોળી એ જ ચાખી લીધી... ?"

વિદ્યાર્થીઓનાં મોઢાં જોવા જેવાં હતાં.

**પ્રશ્નો :**

૧. પ્રોફેસર વિદ્યાર્થીઓને શું કરવા કહ્યું ?

૨. પ્રોફેસર પ્રત્યક્ષ પ્રયોગ કરતી વખતે શું કર્યું ?

૩. ડૉક્ટર બનવા માટે કઈ બે શક્તિની જરૂર છે ?

૪. પાઠમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની નોંધ કરો.
   દા. ત. મેડિકલ

૫. પ્રોફેસર વિદ્યાર્થીઓને અભિનંદન શા માટે આપ્યા ?

૬. વાક્યમાં વાપરો.
   ૧) મોં ચઢી જવું. ૨) મોઢું જોવા જેવું થવું.

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

# શબ્દ ભંડાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. જ્યોતિ | = | પ્રકાશ | ૧૬. પ્રલય | = | વિનાશ |
| ૨. તિરસ્કાર | = | ધિક્કાર | ૧૭. પ્રશંસા | = | વખાણ |
| ૩. તૃષા | = | તરસ | ૧૮. પ્રભાત | = | વહેલી સવાર |
| ૪. તેજસ્વી | = | તેજવાળું | ૧૯. પ્રવીણ | = | હોશિયાર |
| ૫. દુર્ગ | = | કિલ્લો | ૨૦. પ્રીતિ | = | પ્રેમ |
| ૬. જીર્ણ | = | ઘસાઈ ગયેલું | ૨૧. શ્રોતા | = | સાંભળનાર |
| ૭. હસ્ત | = | હાથ | ૨૨. શ્રીફળ | = | નાળિયેર |
| ૮. દૈવી | = | દેવતાઈ | ૨૩. કુસુમ | = | ફૂલ |
| ૯. શ્રીમંત | = | અમીર | ૨૪. મનોરંજન | = | આનંદ લેવો તે |
| ૧૦ શય્યા | = | પથારી | ૨૫. મેઘ | = | વાદળ, વરસાદ |
| ૧૧. વસુધા | = | પૃથ્વી | ૨૬. શ્રેષ્ઠ | = | સૌથી સારું |
| ૧૨. કિંતુ | = | પરંતુ | ૨૭. શ્રેણિ | = | પંક્તિ |
| ૧૩. ભાગ્ય | = | નસીબ | ૨૮. લૂણ | = | મીઠું, નમક |
| ૧૪. મૃદુ | = | કોમળ | ૨૯. વાદ્ય | = | વાજિંત્ર |
| ૧૫. સખ્ય | = | મિત્રતા | ૩૦. લઘુ | = | નાનું |

Date: ____________

Name: ______________________ Div.: ______ Roll No.: ______

નીચે આપેલા શબ્દોના વાક્યો બનાવો.

૧. જ્યોતિ :

૨. પ્રીતિ :

૩. શ્રીમંત :

૪. ભાગ્ય :

૫. શ્રોતા :

૬. કુસુમ :

૭. શ્રીફળ :

૮. પ્રભાત :

ज्ञानात् सर्वं प्रदीप्यते।

Narsee Monjee Educational Trust's

**JAMNABAI NARSEE SCHOOL**

Narsee Monjee Bhavan, Narsee Monjee Marg, N. S. Road No. 7,
J.V.P.D. Scheme, Vile Parle (W), Mumbai 400 049.
Tel.: +91 22 6915 7575 / 6915 7576 Website: www.jns.ac.in